

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...


અંક-૨
ખંડ-૭
જુલાઈ ૨૦૧૬


## ખાદ્ય સુરક્ષા થી ખેડૂતોની આવકસુરક્ષા તરફ પ્રયાણ...

ભારતીય અર્થતંત્રનો ઉંચા અને ઝડપી વિકાસની સાથે હવે કૃષિક્ષેત્ર ઉત્પાદન તરફથી તેના બજાર અને મૂલ્યવૃદ્ધિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ખેડૂતોને પ્રાપ્ત થતો ફાયદો તેના પ્રતિ એકમ ઉત્પાદનથી જ નક્કી થતો નથી, તેની સાથે બજારમાં તેનાં ઉત્પાદનના ભાવોથી પણ નક્કી થાય છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના વાસ્તવિક ભાવો અપાવવા માટે બજાર માળખાની કાર્યક્ષમ કામગીરી હોવી ખૂબ જ આવશ્યક બાબત છે, તેનાથી જ ઉત્પાદન વૃદ્ધિ અને ખેડૂતોની સમૃદ્ધિ વધશે. પરંપરાગત બજાર વ્યવસ્થામાં ખેડૂતો માત્ર ખેત ઉત્પાદનના ભાવો સ્વીકારનાર હતાં અને વેપારીઓ ભાવ નક્કી કરનાર હતાં, તે પ્રથાનો હવે અંત આવી રહ્યો છે. તેમ છતાં, આજે પણ ખેડૂતો એ બાબતોથી અજાણ છે કે કાર્યરત બજારમાં કિંમત નક્કી કરનાર પરિબળોમાં માંગ, પુરવઠો અને અન્ય બજારમાં વસ્તુની પ્રર્વતમાન કિંમત વગેરે પરિબળોથી નક્કી થાય છે. ઉત્પાદનની નક્કી થતી નીચી અને કામચલાઉ કિંમત ખેડૂતવર્ગને નિરાશ કરે છે. કૃષિક્ષેત્રમાંથી આવતા સમાચારો પણ ખેડૂત વર્ગને નિરુત્સાહ કરી રહ્યા છે. વર્તમાન ભારતીય કૃષિક્ષેત્રમાં પાકની નિષ્ફળતા, નફાકારક ખેતપેદાશના ભાવોનો અભાવ, ખેતીમાં ખર્ચની તુલનાએ નીચું વળતર, ધિરાણનો વધતો જતો બોજ વગેરેથી ખેડૂતોની આત્મહત્યા થઇ રહી છે. ખેડૂત વર્ગને પ્રાપ્ત થતી આવક અને કૃષિ આધારિત આર્થિક પ્રવૃતિઓમાંથી પ્રાપ્ત થતી આવકમાંથી પોતાનું જીવનધોરણ ચલાવવા ઉપરાંત આગળના વર્ષ માટે જરૂરી મૂડીરોકાણ પણ


અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ



પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website:
www.aercspu.ac.in

તેમાંથી જ કરવાના હોય છે. સ્થિતિ મૂલ્યાંકન મોજણીમાં એવાં તથ્યોનો નિર્દેશ કર્યો છે કે ખેતીમાંથી પ્રાપ્ત થતી આવક જીવન પોષણક્ષમ ન હોવાથી લગભગ ૪૦ ટકા ખેડૂતો ખેતીની પ્રવૃતિને ત્યજી રહ્યા છે. તેથી જ, જો આપણે ખાધની સુરક્ષાના નક્કી કરેલાં લક્ષ્યાંકો મેળવવા હશે તો ખેડૂતોને તેની આવક માટે પૂરતી ખાત્રી આપી પરત ખેતીમાં લાવવા પડશે.

કૃષિ બજાર પર્યાવરણમાં અભૂતપૂર્વ ઝડપની સાથે સ્થાનિક અને વૈશ્વિક માર્ગે સતત બદલાતું રહે છે. આ પ્રકારની ગતિશીલતા ખેતીની આવક અને ખેતીના ભાવને અસર કરે છે. સ્વતંત્રતાના ૬૮ વર્ષ પછી પણ ગુણવત્તાયુક્ત, સમયસર અને નીચી કિંમતે સાધનોનું અસરકારક વિતરણ દેશના મોટા ભાગના ખેડૂતો માટે આજે પણ એક સ્વપન બની રહેલ છે. ખેડૂતો તેમનું ઉત્પાદન પોષણક્ષમ ભાવે વેચાણ માટે સક્ષમ નથી અને દેશના ખેડૂતોમાં ફરજીયાત વેચાણનું પ્રમાણ વધારે હોય છે. આ માટેનું મુખ્ય કારણ ટેકનોલોજીના સઘન વપરાશ દ્વારા ઉત્પાદન વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે તેને ગણી શકાય. તદ્નુસાર, વિસ્તરણ સેવાઓના પ્રયાસોને ઉત્પાદન વધારાલક્ષી ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા માટે  કરવામાં આવ્યા છે પણ ખેડૂતોના પેદાશોના વાસ્તવિક ઊંચા ભાવો માટે વધારે ખાસ કોઇ પ્રયત્નો કરવામાં આવ્યા નથી. આ પ્રયાસોએ દાયકાઓ સુધી કૃષિ આવક વધારવા પર નોંધપાત્ર અસર કરી નથી. જો કે, વૈશ્વિકરણ અને નવી બજાર પદ્ધતિઓના આગમને કૃષિ અને કૃષિ પેદાશોમાં દેશના ખેડૂતો માટે નવી ઘણી તકો ખોલી દીધી છે. આ નવા અભિગમના અનુસંધાનમાં આપણે નવો વિસ્તરણ અભિગમ કે જેમાં ઉત્પાદકતાથી નફાકારકતા તરફ, કૃષિ નિર્વાહલક્ષી પાક પધ્ધતિ તરફથી વાણિજ્યલક્ષી પાક પધ્ધતિ તરફ, સ્થાનિક બજાર તરફથી નિકાસલક્ષી બજાર તરફ અને બે પાક તરફથી  વિવિધ પાક તરફ જવાના વિસ્તરણ પ્રયાસો કરવાના છે.

મોટાભાગના ગ્રામીણ કૃષિ ઉત્પાદકો બજાર અને ભાવ વર્તનના અર્થઘટનને સમજવા અને તેનો લાભ લેવા માટે અસમર્થ છે. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સૌથી મહત્વપૂર્ણ બજારલક્ષી માહિતી એક ખેડૂત માટે જરૂરી છે તે સાધન ભાવની છે. ઉચ્ચ કિંમતવાળા પાકો જેવા કે  બાગાયતી પાક, મસાલા અને અન્ય વ્યાવસાયિક પાકોના સફળ બજાર ભાવ મેળવવા માટે ગ્રાહકોની પસંદગીઓ અંગેની સારી સમજ હોવી જરુરી છે. અમુક પાકના ભાવમાં વધુ વધઘટ અને વધુ માર્કેટિંગની માહિતીનું અવલોકન કરવામાં આવેલ છે. મોટા ભાગના ખેડૂતોમાં હજુ પણ તેમના ઉત્પાદન અને માર્કેટિંગ અંગેના નિર્ણયોના માર્ગદર્શન મેળવવા તથા બજારની સારી સમજ અને બુદ્ધિપૂર્વક વર્તન કરવા માટે ક્ષમતાનો અભાવ જોવા મળે છે.

તેથી હાલના પરિપ્રેક્ષ્યમાં બજારલક્ષી વિસ્તરણસેવા ખેડૂતોને બજાર સુધી પહોંચાડવા માટે સંપૂર્ણ છે. બજારના વૈશ્વિકીકરણની સાથે, ખેડૂતો પોતાને માત્ર સ્થાનિક ઉત્પાદકો વેચનારના સ્તર તરફથી વેશ્વિક બજારના અર્થમાં વેચનાર સાથે ઉત્પાદકોમાં પરિવર્તન પામી શ્રેષ્ઠ રોકાણ, જોખમો અને પ્રયાસો પર ધ્યાન આપે તે જરૂર છે. ઉત્પાદન ટેકનોલોજી ઉપરાંત, વિસ્તરણ કાર્યકરોએ હવે બજારમાં માહિતી કે જે વિસ્તરણ માટે નવી તાલીમ આપતી હોય તેના વડે સજ્જ થવું જરૂરી બનશે. કૃષિક્ષેત્રમાં પ્રવર્તમાન બે મુખ્ય અંગો ઉત્પાદન અને બજાર વચ્ચે સેતુ બાંધવા માટે  નિયમિત માસિક બજાર દર્શન અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં એગ્રો-ઇકોનોમિક રિસર્ચ સેન્ટર (AERC), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરથી જુલાઈ-૨૦૧૫ થી નિયમિત પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. બજાર દર્શન માત્ર એક સમયોચિત જ નહીં પણ કૃષિ બજાર પ્રધાન ખેતી સમુદાયમાં આવેલ નવસંસ્કરણ માટે અત્યંત અસરકારક માહિતીનો સ્ત્રોત છે. કૃષિ સાધન ભાવ અને બીજ, ખાતર સબસિડી વગેરે ઉપરાંત અપેક્ષિત અને વાસ્તવિક ખરીફ કૃષિ અને રવિ સિઝનમાં ઉત્પાદન, લઘુતમ ટેકાના ભાવ (એમએસપી), દૂધ અને ડેરી વગેરેને ૨૦૧૫-૧૬ માં બજાર દર્શનમાં આવરી લેવામાં આવેલ હતા. નવી કૃષિ નીતિ અને યોજનાઓ, સોઇલ હેલ્થ કાર્ડ, બજેટમાં કૃષિ, કૃષિ માર્કેટિંગ અને ભાવ આગાહી અંગેના સમાચારો બજાર દર્શનમાં સમયાંતરે પ્રકાશિત કરવામાં આવ્યા હતા જે ખેતી સમુદાય, વેપારીઓ અને સંશોધકો માટે મદદરુપ પૂરવાર થઇ રહ્યા છે.



On the occasion of AERC Foundation day 2015 celebration, dignitaries released 'Agricultural Production and Market Outlook' monthly magazine of AERC (Guajarati and English language)

## અમે લક્ષ્ય રાખ્યું છે કે...

- વધુ ઇષ્ટ નિર્યણની પ્રક્રિયાને પોષણ આપવા માટે કૃષિ માહિતીનું સર્જન, પ્રકાશન અને વહેચણી ગુણવત્તાયુક્ત રીતે પ્રાદેશિક સ્તરો સુધી સુગ્રંથિત કરવી. પ્રાદેશિક જોડાણને મજબૂત બનાવી કૃષિ માહિતીની વહેંચણી વધુ સારી રીતે નિર્ણય લેવામાં કરવી
- બજાર સાંકળના વિવિધ લાભાર્થીઓ માટે વધુ સારી ઉત્પાદન પદ્ધતિઓ વિષે તથા બજારમાં સફળતા પ્રાપ્ત કરવા જરૂરી વ્યૂહરચનાઓ વિષે વધુ સરળતાપૂર્વક વિવિધ માહિતી અને બજાર માહિતી પૂરી પાડવી.
- ખેડૂતોને ચોખ્ખી વધુ આવક મેળવવા અને તેમનું જીવન ધોરણ સુધારવામાં મદદરૂપ થવું.

## રાષ્ટ્રીય કૃષિ બજારનું ઊંઝા માર્કેટ એક ભાગ નથી...

એશિયામાં જીરાનું સૌથી મોટું બજાર ગુજરાતનું ઊંઝા ખેત પેદાશ ઉત્પન્ન બજાર સમિતી(એપીએમસી) છે પણ તેણે યોગ્ય ક્ષમતાના અભાવે કેન્દ્ર સરકારની ઓનલાઇન નેશનલ કૃષિ બજાર (NAM) માં જોડાણ માટે અસ્વીકાર કર્યો છે. ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાંથી ૫૦૦૦ કરતાં વધુ ખેડૂતો ખેત પેદાશના દૈનિક વેચાણ માટે ઊંઝા એપીએમસીમાં આવે છે જેમાં જીરુંનું વેચાણ મુખ્ય છે. જીરાની સીઝનમાં તેનાં દૈનિક વેચાણ માટે ૧ થી ૧.૫ લાખ બોરીઓ આવે છે. આવા સમયે આટલા મોટા જથ્થાનાં નમૂના લેવાં, પરીક્ષણ કરી તેનું ગુણવત્તાના ધોરણે વર્ગીકરણ કરવું શક્ય નથી. આ કારણથી NAM હેઠળ ઓનલાઇન માર્કેટિંગ કરવા માટે તેણે જોડાણ માટે અસ્વીકાર કર્યો છે.



ઊંઝા બજાર એ જીરાના એક મુખ્ય વેપાર હબ તરીકે વૈશ્વિક પ્રસિદ્ધિ મેળવી છે. હાલમાં આ બજારમાં જીરાની દૈનિક ૨૦૦૦૦ બોરી વેચાણ અર્થે આવે છે. આ ઉપરાંત વરિયાળી, ધાણાં અને ઇસબગુલ જેવી અન્ય મસાલા અને ઔષધિય ખેત પેદાશ પણ મોટી માત્રામાં વેચાણ માટે આ બજારમાં આવે છે. અત્યાર સુધી ગુજરાતમાં ત્રણ APMCs નામે પાટણ, બોટાદ અને હિંમતનગર- ઓનલાઇન પ્લેટફોર્મ પર જોડાયેલા છે. આ મહિનામાં વધુ દસ APMCs NAM હેઠળ જોડાણ કરશે.

# એમએમટીસીએ ૫૦૦૦ ટન કઠોળની આયાત માટે ભાવની બોલી મંગાવેલ છે...



ભારતીય ધાતુઓ અને ખનિજ ટ્રેડિંગ કોર્પોરેશન (એમએમટીસી) એ ભારતની જાહેર ક્ષેત્રની વિદેશી હૂંડિયામણ સૌથી વધુ કમાણી કરનારી બે સૌથી મોટી કંપની પૈકી એક કંપની છે. કઠોળના વધતા ભાવોને નિયંત્રણ હેઠળ રાખવા માટે મસુરનો સ્થાનિક પુરવઠો વધારવા ૫૦૦૦ ટન કઠોળની આયાત કરવામાં આવી રહી છે. દુષ્કાળને કારણે કઠોળની માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત છેલ્લા બે વર્ષમાં વધવા પામેલ છે.

દેશમાં કઠોળનું ઉત્પાદન લગભગ ૧૭ મિલિયન ટન છે જ્યારે માંગ ૨૩.૬ મિલિયન ટન(MT) જેટલી છે. દેશમાં ૨૦૧૫-૧૬ માં કઠોળની આયાત ૫.૫ કરોડ ટન કરી હતી. ભાવમાં વધારો અટકાવવા ૧ મિલિયન ટન જેટલા કઠોળના પુરવઠાની ઘટ હતી. સરકાર એમએમટીસી મારફતે ભાવ સ્થિરતા ભંડોળ અન્વયે કઠોળ આયાત કરીને, કઠોળ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો બફર સ્ટોક ઉભો કરી જ્યારે બજારમાં ભાવો ઉંચા જાય ત્યારે બજારમાં પુરવઠો પૂરો પાડી ભાવોને કાબૂમાં રાખી શકવાનો ઉદ્દેશ છે.

ટેન્ડર દસ્તાવેજ મુજબ, એમએમટીસીએ કેનેડા અથવા ઓસ્ટ્રેલિયામાંથી દેશી વટાણાની આયાત કરવા માટે ભાવોની બોલી મંગાવેલી, આ બોલી ઓછામાં ઓછા ૨૫૦૦ ટન વટાણાની આયાત માટે હતી અને છેલ્લી તારીખ ૧૫મી જૂન હતી.

સેન્ટરે કઠોળનો બફર સ્ટોક તૈયાર કરવા માટે ૧.૫ લાખ ટન કઠોળની ખરીદી કરશે. રાજ્ય અનુદાનિત એજન્સીઓ જેવી કે એફસીઆઈ, નાફેડ અને SFAC પહેલેથી જ કઠોળનો બફર સ્ટોક ઉભો કરવા માટે ખેડૂતો પાસેથી અત્યાર સુધી ૧.૧૧ લાખ ટન ખરીદી કરી છે. મસૂરનું સ્થાનિક ઉત્પાદન વધારવા માટે કેન્દ્ર સરકારે તેના લઘુતમ ટેકાના ભાવમાં (એમએસપી) રૂ. ૪૨૫ પ્રતિ ક્વિન્ટલ વધારો વર્ષ ૨૦૧૬-૧૭ માટે કર્યો છે.

તુવેરના લઘુતમ ટેકાના ભાવ(એમએસપી) ગયા વર્ષના રૂ. ૪૬૨૫ પ્રતિ ક્વિન્ટલ થી વધારીને આ વર્ષે રૂ. ૫૦૫૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવેલ છે. મગના ટેકાના ભાવ ગયા વર્ષે રૂ. ૪૮૫૦ પ્રતિ ક્વિન્ટલથી વધારીને વર્ષ ૨૦૧૬-૧૭ માટે રૂ. ૫૨૨૫ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવેલ છે. અડદના લઘુત્તમ ટેકાના ભાવ રૂ.૪૬૨૫ પ્રતિ ક્વિન્ટલ હતા તે આ વર્ષે વધારીને રૂ.૫૦૦૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવેલ છે.

વિશ્વમાં ભારત સૌથી મોટો કઠોળનો ઉત્પાદક દેશ છે, પરંતુ તેની સ્થાનિક માંગ ઉત્પાદનને પાછળ રાખી દે છે અને આ ઘટાડો આયાતથી જ પૂરો કરવામાં આવે છે. કૃષિ મંત્રાલયના આવેલ અંદાજ મુજબ, વર્ષ ૨૦૧૫-૧૬ (જુલાઈ-જૂન)માં કઠોળનું કુલ ઉત્પાદન ૧૭.૩૩ મિલિયન ટન થશે કે જે અગાઉના વર્ષમાં થયેલ ૧૭.૧૫ મિલિયન ટન ઉત્પાદન કરતાં સહેજ ઊંચુ રહેશે.

## શેરડીનો ભાવધારો ઘટીને રૂ. ૬૨૨૫ કરોડની નીચી સપાટીએ...



૨૦૧૫-૨૦૧૬ ની ઋતુમાં શેરડીના ભાવ ઘટીને રૂ. ૬૨૨૫ કરોડની સપાટીએ નીચા થયા છે. જૂન, ૨૦૧૬ ના પ્રથમ સપ્તાહમાં ૮૭ ટકા શેરડીના લેણાંની ચૂકવણી કરવામાં આવી છે. ગયા વર્ષે આ જ સમયગાળામાં આ લેણાંની રકમ રૂ.૧૯૪૩૭ કરોડ હતી.

શેરડીના બાકી લેણાં રૂ.૬૨૨૫ કરોડ પૈકી, સૌથી વધુ ચૂકવણી રૂ.૨૪૨૮ કરોડ ઉત્તર પ્રદેશમાં થઇ જે મહત્તમ હિસ્સો છે ત્યાર બાદ, કર્ણાટકમાં રૂ.૧૩૨૫ કરોડ અને મહારાષ્ટ્રમાં રૂ.૮૮૩ કરોડ લેણાંની બાકી ચૂકવણી છે. છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા ખેડૂતોને શેરડીના લેણાંની ચૂકવણી કરવા માટે ખાંડ મિલોની તરલતાની સ્થિતિ સુધારવા માટે અનેક સક્રિય પગલાં લેવામાં આવેલ હતા.

સરકારે શેરડીના બાકીના લેણાંની પતાવટ કરવા મિલોને હળવી લોન પણ આપી હતી. આ ઉપરાંત ૪૦ ટકા આયાત જકાત વધારી અને ખાંડ મિલોને કાચા ખાંડ ઉત્પાદન પર નિકાસ સબસિડી ઓફર કરી શેરડીના ભાવની વળતર કરવા માટે છે. સરકારે ઇથેનોલ સંમિશ્રણ પ્રોગ્રામને (EBP) પણ પ્રોત્સાહન આપ્યું. અગાઉના વર્ષ ૨૮.૩ મિલિયન ટન સામે ૨૦૧૫-૧૬ની સિઝનમાં ભારતમાં ખાંડનું ઉત્પાદન ૨૫ લાખ ટન જેટલું હોવાનો અંદાજ છે.

### રાજ્યવાર શેરડીના ભાવ ૨૦૧૫-૧૬ માટે નીચે પ્રમાણે છેઃ –

| રાજ્યનું નામ | એફઆરપી પર લેણાંની રકમ (રૂપિયા/કરોડમાં) |
|---|---|
| બિહાર | ૧૪૩ |
| પંજાબ | ૨૮ |
| ઉત્તરાખંડ | ૧૯૮ |
| ઉત્તર પ્રદેશ | ૨૪૨૮ |
| આંધ્ર પ્રદેશ | ૧૮૧ |
| તેલંગણા | ૯૯ |
| ગુજરાત | ૨૫૫ |
| મહારાષ્ટ્ર | ૮૮૩ |
| કર્ણાટક | ૧૩૨૫ |
| તમિલનાડુ | ૬૧૦ |
| પાંડીચેરી | ૧૧ |
| છત્તીસગઢ | ૧૫ |
| ઓરિસ્સા | ૩૨ |
| મધ્ય પ્રદેશ | ૧૬ |
| ગોવા | ૧ |
| કુલ લેણાંની રકમ | ૬૨૨૫ |

## ખરીફ ઋતુ વર્ષ ૨૦૧૬-૧૭ માં વાવેતર હેઠળના વિસ્તારમાં ઘટાડો...



એક અંદાજ મુજબ ડાંગર હેઠળ કુલ વાવેતરનો વિસ્તાર ૫.૭૫ લાખ હેક્ટર રહેશે. જે આ ખરીફમાં ૧૦ ટકા જેટલો નીચો જોવા મળેલ છે, જ્યારે કઠોળ હેઠળનો વાવેતર વિસ્તાર ૩૭ ટકા જેટલો ઓછો રહ્યો છે. ચોમાસાની મોડી શરૂઆત તેની પાછળનું કારણ છે. ગત કૃષિ વર્ષ ૨૦૧૫-૧૬ માં ખેડૂતોએ કઠોળના પાકની ૨.૩૨ લાખ હેક્ટરમાં વાવણી કરી હતી તે આ વર્ષના કૃષિ વર્ષની ખરીફ ઋતુમાં લગભગ ૧.૪૬ લાખ હેક્ટર હેઠળમાં ખેડૂતોએ વાવેતર કરેલ છે. તે જ રીતે ગયા વર્ષે બરછટ ધાન્ય હેઠળનો કુલ વાવેતર વિસ્તાર ૩.૮૨ લાખ હેક્ટર હતો તે આ વર્ષે ઘટીને ૨.૦૧ લાખ હેક્ટર રહેવા પામેલ છે અર્થાત્ તેમાં ૪૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. બિનધાન્ય પાકોમાં તેલીબિંયા હેઠળનો વિસ્તાર જે અગાઉની ખરીફ ઋતુમાં ૧.૨૨ લાખ હેક્ટર હતો તે ૨૦૧૬-૧૭ ના ખરીફમાં ૦.૭૨ લાખ હેક્ટર છે. છેલ્લાં બે વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬(જુલાઈ-જૂન)માં દુષ્કાળને કારણે અનાજનું ઉત્પાદન લગભગ ૨૫૨ મિલિયન ટનની આસપાસ રહ્યુ છે. કપાસના પાકનો પણ વાવેતર વિસ્તાર અગાઉના વર્ષમાં જે ૧૪.૩૦ લાખ હેક્ટર હતો તે ૩૧ ટકા ઘટાડા સાથે ૯.૮૭ લાખ હેક્ટર થયો છે. આમ, છતાં આજ સમયગાળામાં શેરડીના પાક હેઠળનો વિસ્તાર જે અગાઉના વર્ષે ૪૧.૦૧ લાખ હેક્ટર હતો તે વધીને ૪૪.૩૮ લાખ હેક્ટર છે.

# બજાર દર્શનની
# એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણી





**Dr. Harish Padh**
Chairman



**Dr. Mahesh Pathak**
Honorary Advisor



**Dr. S. S. Kalamkar**
Chief Editor

## Associate Editors



**Dr. H.P. Trivedi**



**Dr. D. J. Chauhan**

## Managing Editor



**Dr. Hemant Sharma**

## Subject Editors



**Dr. M. N. Swain**



**Dr. S.R. Bhaiya**



**Shri M. C. Makwana**

## Circulation In-charge



**Shri Deep K. Patel**

બુક પોસ્ટ

प्रति श्री


મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬


*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864